# ન્યાયાધીશોને ચૂંટવાની મંજૂરી આપનાર મેક્સિકો વિશ્વનો પ્રથમ દેશ




**સેંકડો** પ્રદર્શનકારીઓ મંગળવારે સંસદમાં ઘુસી ગયા હતા ત્યારબાદ આ મુદ્દે મતદાન કરાવાયું

**ટીકાકારોને** ડર છે કે આ સુધારાથી ન્યાયિક શાખાનું રાજનીતિકરણ થશે અને મેક્સિકોની લોકશાહી જોખમમાં મૂકાશે

મેક્સિકો સિટી, તા. 11 (એપી): લોકપ્રિય મતના આધારે અદાલતના ન્યાયાધીશોને ચૂંટવાની મંજૂરી આપનાર મેક્સિકો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. મેક્સિકન સેનેટે દેશમાં સામૂહિક વિરોધ વચ્ચે તેના વિવાદાસ્પદ ન્યાયિક સુધારાને મંજૂરી આપી હતી.

મેક્સિકોની સેનેટે બુધવારે વહેલી સવારે દેશના ન્યાયતંત્રમાં સુધારો કરવા માટે મતદાન કર્યું હતું, જે વિવાદાસ્પદ બંધારણીય સુધારા માટેના સૌથી મોટા અવરોધને હટાવે છે જે તમામ ન્યાયાધીશો માટે પદ પર આવવા ચૂંટણીમાં ઊભા રહેવું ફરજિયાત કરશે, એવો ફેરફાર કે જે ટીકાકારોને ડર છે કે ન્યાયિક શાખાનું રાજનીતિકરણ થશે અને મેક્સિકોની લોકશાહી જોખમમાં મૂકાશે.

સેંકડો પ્રદર્શનાકારીઓ મંગળવારે સંસદમાં ઘુસી ગયા હતા ત્યારબાદ આ અંગે મતદાન કરાવાયું હતું, સત્રમાં વિક્ષેપ પાડ્યા પછી એવું જણાયું કે વર્તમાન પ્રમુખ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોરની ગવર્નિંગ પાર્ટી, મોરેનાએ દરખાસ્ત પસાર કરવા માટે જરૂરી મતો ભેગા કર્યા હતા.

સંસદમાં ખરડા પર બે વાર મતદાન થયું, બંને વખત પક્ષમાં 86 જ્યારે વિપક્ષમાં 41 મત પડ્યા હતા, બીજી વખતના મતદાનનું પરિણામ સવારે 4 વાગ્યાની આસપાસ આવ્યું.

કાયદાને હવે મેક્સિકોના 32 રાજ્યોમાંથી 17 વિધાનભાઓ દ્વારા બહાલી આપવાની જરૂર છે. એવું માનવામાં આવે છે કે હાલની ચૂંટણીઓમાં ભારે વિજય બાદ શાસક પક્ષ પાસે જરૂરી સમર્થન છે.

'ન્યાયાધીશોની ચૂંટણી આપણા દેશમાં ન્યાયના વિતરણને મજબૂત બનાવશે.'

ન્યાયિક કર્મચારીઓ અને કાયદાના વિદ્યાર્થીઓ દ્વારા કેટલાંક અઠવાડિયાઓથી કરાયેલા પ્રદર્શનો બાદ આ મંજૂરી આવી હતી.

ટીકાકારો અને નિરીક્ષકો કહે છે કે આ યોજના, જેના હેઠળ તમામ ન્યાયાધીશોની ચૂંટણી કરવામાં આવશે, તે ન્યાયિક સ્વતંત્રતાને જોખમમાં મૂકી શકે છે અને ન્યાયતંત્રને નબળું બનાવી શકે છે.

### પટના મોદીની સભા ટાણે બોમ્બ વિસ્ફોટ

# હાઈકોર્ટે 4 દોષિતોની મૃત્યુદંડની સજા બદલીને 30 વર્ષ જેલની સજા કરી

પટના, તા. 11 (પીટીઆઈ): પટના હાઈકોર્ટે બુધવારે પટનામાં 2013ના શ્રેણીબદ્ધ વિસ્ફોટો માટે દોષિત ચાર વ્યક્તિઓની મૃત્યુદંડની સજામાં ફેરફાર કર્યો હતો, આ વિસ્ફોટોમાં બિહારમાં ભાજપના વડા પ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની ઉદ્ઘાટન રેલીને નિશાન બનાવવામાં આવી હતી.

જસ્ટિસ આશુતોષ કુમાર અને જિતેન્દ્ર કુમારની બનેલી ડિવિઝન બેન્ચે વિશેષ એનઆઈએ કોર્ટના આદેશ પર રાજ્ય સરકાર દ્વારા દાખલ કરાયેલા ડેથ રેફરન્સનો નિકાલ કર્યો અને ચુકાદો આપ્યો કે ચારેય દોષિતોને '30 વર્ષની જેલ' થશે.

ઑક્ટોબર 2021માં, ટ્રાયલ કોર્ટે કુલ નવ વ્યક્તિઓને દોષિત ઠેરવ્યા, બેને આજીવન કેદની સજા, અન્ય બેને દરેકને 10 વર્ષની જેલ અને એકથી સાત વર્ષની જેલની સજા ફટકારી, જ્યારે એક આરોપીને નિર્દોષ જાહેર કરી મુક્ત કરાયો હતો.

કોર્ટે નોંધ્યું હતું કે 'ચારેય દોષિતો, બધા ઝારખંડના રાંચીના રહેવાસી છે, 'તરુણ વયના વ્યક્તિઓ હતા જેમના કોઈ સ્થાપિત ટ્રાન્સ-બોર્ડર સંપર્કો નથી.'

# વાટાઘાટ માટે મમતાની હાજરી અને લાઈવ પ્રસારણની જૂનિયર ડોક્ટરોની માગ ફગાવાઈ

**રાજકીય** દળો પ્રદર્શનને ઉશ્કેરી રહ્યા હોય એવી શક્યતા છે: રાજ્ય સરકાર

**તબીબોએ** આ દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા

કોલકાતા, તા. 11 (પીટીઆઈ): પશ્ચિમ બંગાળ સરકારે બુધવારે જુનિયર ડોકટરોની મુખ્યમંત્રી મમતા બેનર્જીની હાજરી અને લાઈવ પ્રસારણની પૂર્વશરતોને ફગાવી દીધી હતી જેમાં એક મહિલા મેડિકની કથિત બળાત્કાર-હત્યાના મુદ્દે મહિનાથી ચાલેલા 'કામ બંધ' અને મડાગાંઠને ઉકેલવા માટે વાટાઘાટોની પૂર્વશરતો હતી.

આર જી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સ્વાસ્થ્ય ભવનની બહાર ચાલી રહેલા ધરણા પ્રદર્શન દરમિયાન, આરોગ્ય રાજ્ય મંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યએ કહ્યું હતું કે સરકાર ચર્ચા કરવા માટે ખુલ્લી છે જો કે તેમણે કહ્યું હતું કે રાજકીય દળો પ્રદર્શનને ઉશ્કેરી રહ્યા હોય એવી શક્યતા છે.

આના પર તબીબો તરફથી ઝડપથી ખંડન થયું હતું, તેમણે આ દાવાઓને પાયાવિહોણા ગણાવ્યા.

મંત્રીએ ડોકટરોને સુપ્રીમ કોર્ટના આદેશને માન આપીને ફરીથી કામ પર જોડાવા વિનંતી કરી, પરંતુ રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવા બદલ કોઈ શિક્ષાત્મક પગલાં લેશે કે કેમ તે અંગે સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું. દરમિયાન, ટીએમસીના નેતાઓ અને ધારાસભ્યોએ આંદોલનકારી જુનિયર ડોકટરોને "રાષ્ટ્રવિરોધી" ગણાવીને ઢાંકપિછોડો ધમકીઓ આપી હતી. અને કહ્યું હતું કે પક્ષ પણ આંદોલનકારી ડોક્ટરો સામે વિરોધ પ્રદર્શન કરી શકે છે.

# ઉધમપુરમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં જેએમના બે આતંકવાદીઓ ઠાર, ઓપરેશન જારી

જમ્મુ, તા. 11 (પીટીઆઈ) : અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના બસંતગઢના ઉપરના વિસ્તારોમાં ચાલી રહેલા ઓપરેશનમાં જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ) સંગઠન સાથે જોડાયેલા બે આતંકવાદીઓ માર્યા ગયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઘટનાસ્થળેથી એમ-4 કાર્બાઈન, એક એકે એસોલ્ટ રાઈફલ, એક પિસ્તોલ અને મોટી માત્રામાં દારૂગોળો અને ખાવાની વસ્તુઓ સાથે પાકિસ્તાનના હોવાનું માનવામાં આવતા બે આતંકવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા.

ગાઢ જંગલમાં આતંકવાદીઓ સામે આ પહેલું સફળ ઓપરેશન હતું, જેમાં છેલ્લા છ મહિનામાં આતંકવાદીઓ સાથે અડધો ડઝનથી વધુ અથડામણો થઈ હતી, જેમાં 28 એપ્રિલના રોજ એક ગ્રામ સુરક્ષા ગાર્ડ અને 19 ઓગસ્ટના રોજ સીઆરપીએફ ઈન્સ્પેક્ટર શહીદ થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ખંડારા ટોપ વિસ્તારમાં વધુ એક આતંકવાદી ફસાયેલો હોવાનું માનવામાં આવે છે અને તેને ખતમ કરવાના પ્રયાસો ચાલુ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, વધુ સૈન્ય મોકલવામાં આવ્યું હતું અને ઓપરેશનને બાજુના કુદવાહ અને રાયચક સુધી લંબાવવામાં આવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સેના અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે દિવસના પ્રારંભિક કલાકોમાં આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને આતંકવાદીઓ સાથે પ્રથમ સંપર્ક લગભગ 12.50 વાગ્યે થયો હતો. ત્યાર બાદ સામસામે ભીષણ ગોળીબાર થયો હતો.

સેનાએ એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "રાઈઝિંગ સ્ટાર કોર્પ્સના સૈનિકો દ્વારા ખંડારા ખાતે ચાલી રહેલા ઓપરેશનમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. ઓપરેશન ચાલુ છે.''

## જમ્મુમાં પાકિસ્તાને સીઝફાયરનું ઉલ્લંઘન કરતાં બીએસએફનો જવાન ઘાયલ

જમ્મુ, તા. 11 (પીટીઆઈ) : અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે અહીં સરહદ પર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરીને પાકિસ્તાની સૈનિકોએ ભારતીય ચોકીઓ પર ઉશ્કેરણી વગરના ગોળીબારનો આશરો લેતાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)નો એક જવાન ઘાયલ થયો હતો. અધિકારીઓએ કહ્યું હતું કે, બીએસએફના જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી, પરંતુ પાકિસ્તાની બાજુએ થયેલી જાનહાનિની તાત્કાલિક જાણ થઈ નથી. સીમા રક્ષક દળના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "સવારે લગભગ 2.35 વાગ્યે અખનૂર વિસ્તારમાં સરહદ પારથી ઉશ્કેરણી વિનાના ગોળીબારની ઘટના બની હતી અને જેનો બીએસએફ દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવ્યો. પાકિસ્તાની ગોળીબારમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો હતો. પ્રવક્તાએ કહ્યું કે, સૈનિકો હાઈ એલર્ટ પર છે અને આંતરરાષ્ટ્રીય સરહદ અને નિયંત્રણ રેખા પર કડક નજર રાખી રહ્યા છે. 25 ફેબ્રુઆરી, 2021ના રોજ ભારત અને પાકિસ્તાને યુદ્ધવિરામ કરારનું નવીકરણ કર્યું ત્યારથી બંને દેશો વચ્ચે યુદ્ધવિરામનું ઉલ્લંઘન ખૂબ જ દુર્લભ બન્યું છે. ગયા વર્ષે, રામગઢ સેક્ટરમાં પાકિસ્તાન રેન્જર્સના ગોળીબારમાં બીએસએફનો એક જવાન શહીદ થયો હતો. ત્રણ વર્ષથી વધુ સમયમાં ભારતીય પક્ષ તરફે પ્રથમ જાનહાનિ થઈ હતી.

# શિમલા મસ્જિદ વિવાદ: પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે અથડામણ

**પ્રદર્શનકારીઓએ** બેરિકેડ્સ તોડીને આગળ વધવાના પ્રયાસ કર્યા, પોલીસે લાઠીચાર્જ કર્યો

**પ્રદર્શનકારીઓ** ગેરકાયદે બાંધકામ અને બહારના રાજ્યોના ફેરિયાઓનો વિરોધ કરી રહ્યા છે

**લાઠીચાર્જના** વિરોધમાં શિમલા વેપાર મંડલે આજે બંધની જાહેરાત કરી

શિમલા, તા. 11 (પીટીઆઈ): શિમલાના સંજૌલી વિસ્તારમાં એક મસ્જિદના ગેરકાયદેસર ભાગને તોડી પાડવાની માગણી કરી રહેલા પ્રદર્શનકારીઓની બુધવારે સુરક્ષા જવાનો સાથે અથડામણ થઈ હતી, તેમણે બેરિકેડ તોડ્યા અને પથ્થરમારો કર્યો હતો જ્યારે પોલીસે તેમને વિખેરવા માટે પાણીની મારો ચલાવ્યો હતો અને લાઠીચાર્જ કર્યો હતો. પોલીસ જવાનો અને મહિલાઓ સહિત 10 લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

પબ્લિક વર્ક્સના વિક્રમાદિત્ય સિંહે કહ્યું હતું કે આ સ્થિતિ ઉશ્કેરાઈ છે તેના પર સરકાર ગંભીર છે અને તમામ ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહી છે. અમે કેન્દ્રીય નેતૃત્વ સાથે સંપર્કમાં છીએ અને મુખ્યમંત્રી સુખવિન્દર સિંહ સુખુ અને મેં જાતે પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે વાત કરી હતી.'

'જય શ્રી રામ' અને 'હિંદુ એકતા ઝિંદાબાદ'ના નારા લગાવતા, સેંકડો પ્રદર્શનકારીઓ સબઝી મંડી ધલ્લી ખાતે એકઠા થયા અને સંજૌલી તરફ કૂચ કરી, નિષેધ આજ્ઞાની અવગણના કરી હતી અને તેમનો વિરોધ નોંધાવવા માટે વહીવટીતંત્રની ચેતવણીઓને અવગણી અને ધલ્લી ટનલ પાસે ઉભા કરાયેલા બેરીકેડ્સ તોડી નાખ્યા હતા. કેટલાક હિંદુ જૂથોની હાકલ પર ભેગા થયેલા પ્રદર્શનકારીઓ સંજૌલીમાં પ્રવેશ્યા અને મસ્જિદની નજીકનો બીજો બેરિકેડ તોડ્યો ત્યારે પોલીસે લાઠીચાર્જનો આશરો લીધો અને તેમને વિખેરવા માટે પાણીનો મારો ચલાવ્યો હતો. પોલીસે હિંદુ જાગરણ મંચના સેક્રેટરી કમલ ગૌતમ સહિત કેટલાક પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી અને મસ્જિદ પાસે ફરીથી બેરિકેડ ઉભા કર્યા હતા પરંતુ દેખાવકારોએ ત્યાંથી જવાનો ઈનકાર કર્યો હતો અને વહીવટીતંત્ર સામે સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું હતું.

# પાકિસ્તાનમાં 5.8ની તીવ્રતાનો ભૂકંપ, અફઘાનિસ્તાન અને ભારતમાં પણ આંચકા અનુભવાયા

નવી દિલ્હી, તા. 11 : અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં 11 સપ્ટેમ્બર ને બુધવારે લગભગ સવારે 7:28 જીએમટી (12:58 પીએમ આઈએસટી) પર ભૂકંપના આંચકા નોંધાયા હતા. ભારતની રાજધાની નવી દિલ્હી અને ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને છેક જમ્મુ અને કાશ્મીરના નજીકના પ્રદેશોમાં પણ આંચકા અનુભવાયા હતા. યુએસજીએસ રાષ્ટ્રીય ભૂકંપ માહિતી કેન્દ્ર અનુસાર, ભૂકંપની તીવ્રતા 5.4 હતી, તેનું કેન્દ્રબિંદુ પાકિસ્તાનના કરોરથી 31 કિલોમીટર પશ્ચિમમાં હતું. જોકે, જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સિસ (જીએફઝેડ) મુજબ તેની તીવ્રતા 5.8 હતી. જીએફઝેડએ જણાવ્યું હતું કે, ભૂકંપ 10 કિલોમીટર (6.21 માઇલ)ની ઊંડાઇએ હતો. દેશમાં ભૂકંપની ગતિવિધિઓ પર દેખરેખ રાખવા માટેની ભારતની નોડલ એજન્સી મુજબ, ભૂકંપ અક્ષાંશ: 31.25 ઉત્તર, રેખાંશ: 70.52 પૂર્વ પર હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

### અમેરિકામાં રાહુલ...

શીખ સમુદાય પર રાહુલ ગાંધીની ટિપ્પણીનો ઉલ્લેખ કરતા ત્રિવેદીએ આરોપ લગાવ્યો કે તેમને ખાલિસ્તાની અલગતાવાદી ગુરપતવંત સિંહ પન્નુનનું સમર્થન છે. આ સાથે ગાંધીએ તેમના ભારત વિરોધી મિત્રોની યાદીમાં એક નવો મિત્ર ઉમેર્યો છે.' ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે રાષ્ટ્રવિરોધી વાતો કરવી અને દેશને તોડવાની કોશિશ કરી રહેલી શક્તિઓની સાથે ઊભા રહેવું એ રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીની ટેવ બની ગઈ છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, રાહુલ જે રીતે વિદેશ પ્રવાસ પર ભ્રામક અને તથ્યહીન નિવેદનો આપી રહ્યા છે તે અત્યંત શરમજનક છે અને ભારતની ગરિમાને ઠેસ પહોંચાડે છે.

ભાજપના પ્રવક્તા સંજુ વર્માએ કહ્યું કે રાહુલ સત્તામાં આવવા માટે બેતાબ છે, તેથી જ તેઓ કટ્ટરપંથી નેતાને મળી રહ્યા છે.

### અમેરિકી પ્રમુખ...

મોટાભાગના દર્શકોનું માનવું છે કે ટીવી ડિબેટમાં હેરીસ શ્રેષ્ઠ રહ્યાં હતાં. સીએનએનના મતદાન મુજબ 63 ટકા દર્શકોનું માનવું છે કે કમલા હેરીસે પોતાના હરીફને ભોંયભેગા કર્યા હતા.

ટ્રમ્પનો પક્ષ લેવા માટે જાણીતા ફોક્સ ન્યૂઝે હેડલાઈન આપી હતી, 'ટ્રમ્પ-હેરીસ ચર્ચામાં વિજેતા સ્પષ્ટ હતો પણ આ ચૂંટણી હજુ બાકી છે.' **બંને નેતાઓની છેલ્લી ટિપ્પણી**

'મને લાગે છે કે તમે આજે રાત્રે આપણા દેશ માટે બે ખૂબ જ અલગ દ્રષ્ટિકોણ સાંભળ્યા છે, એક કે જે ભવિષ્ય પર કેન્દ્રિત છે અને બીજું જે ભૂતકાળ પર કેન્દ્રિત છે અને અમને પાછળ લઈ જવાનો પ્રયાસ છે. પણ અમે પાછા નથી જવાના', એમ 59 વર્ષીય હેરિસે, પેન્સિલવેનિયામાં 90-મિનિટની ચર્ચાના અંતે કહ્યું હતું.

ટ્રમ્પે પોતાની છેલ્લી ટિપ્પણીમાં કહ્યું હતું, 'હેરીસે કહેવાનું શરૂ કર્યું છે કે તે આ કરશે તે પેલું કરશે, તે તમામ સારા કામ કરશે. પણ જ્યારે તે સાડા ત્રણ વર્ષ બાઈડેન સરકારમાં હતાં ત્યારે તેમણે આ બધું કેમ કર્યું ન હતું.'

### કમલા હેરીસની...

મોતીની બુટ્ટીઓના વેશમાં ઇયરફોન પહેરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ટીકાકારોએ પાયાવિહોણા આરોપ મૂક્યો હતો કે ગોલ્ડ પર્લ લૂપ્સ જે કમલા હેરિસ પહેલા પહેરી ચૂકી છે અને તે ટિફની નામની ડિઝાઈનર કંપનીના હોવાનું માનવામાં આવે છે તે વાસ્તવમાં જર્મન સ્ટાર્ટ-અપ કંપની નોવા દ્વારા બનાવેલા સ્માર્ટ ઓડિયો ઇયરિંગ્સ હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહેવાયું હતું, 'મને લાગતું હતું કે કમલાને ડિબેટ દરમિયાન શું બોલવું તે જણાવવામાં આવી રહ્યું હતું અને મારી શંકા સાચી હતી. નોવા વિશ્વની પ્રથમ વાયરલેસ ઈયરફોન ઈયરરીંગ છે.'

### ઈલેક્ટ્રીક વાહનોને...

(એમએચઆઈ) ઈવી ખરીદદારો માટે યોજના હેઠળ માગ પ્રોત્સાહનો મેળવવા માટે ઈ-વાઉચર રજૂ કરી રહ્યું છે. ઈવીની ખરીદી સમયે, સ્કીમ પોર્ટલ ખરીદનાર માટે આધાર-પ્રમાણિત ઈ-વાઉચર જનરેટ કરશે. વધુમાં, પીએમ ઈ-ડ્રાઈવ, ઈ-એમ્બ્યુલન્સ માટે રૂ. 500 કરોડ ફાળવશે.

દર્દીના આરામદાયક પરિવહન માટે ઈ-એમ્બ્યુલન્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારની આ એક નવી પહેલ છે. ઉપરાંત, રાજ્ય પરિવહન ઉપક્રમો અને જાહેર પરિવહન એજન્સીઓ દ્વારા 14,028 ઈ-બસોની ખરીદી માટે 4,391 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. સીઈએસએલ દ્વારા 40 લાખથી વધુ વસ્તી ધરાવતા નવ શહેરો, દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ, અમદાવાદ, સુરત, બેંગ્લોર, પુણે અને હૈદરાબાદમાં માગ એકત્રીકરણ કરવામાં આવશે.

### દિલ્હી ડાયરી...

કાર્યાલયમાં પણ એક છોડ રોપ્યો હતો. ચૌહાણ જૂના રાજકીય ખેલાડી છે અને વેપારની યુક્તિઓ, ખાસ કરીને હેડલાઇન્સમાં કેવી રીતે રહેવું તે ખૂબ સારી રીતે જાણે છે. આજકાલ પર્યાવરણ એક ચર્ચાનો વિષય બન્યો છે અને ગ્લોબલ વોર્મિંગને ધ્યાનમાં રાખીને પર્યાવરણની સુરક્ષા એ ઘણાં સત્તાવાર કાર્યોનો પસંદગીનો વિષય છે તે જોતાં, તેમણે રોપાઓ વાવવાનું કાર્ય બુદ્ધિપૂર્વક પસંદ કર્યું છે.

**'યુપી કે દો લડકે' વચ્ચેનું ગઠબંધન ચૂંટણીમાં ટર્નિંગ પોઇન્ટ સાબિત થયું**

'યુપી કે દો લડકે'-કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ- વચ્ચેના બોન્ડિંગની ચર્ચા છે, જ્યારથી ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણીમાં બંને પક્ષોએ નોંધપાત્ર પુનરાગમન કર્યું છે. સાંસદોને તેમની મિત્રતાની ઝલક ત્યારે મળી જ્યારે થોડા દિવસો પહેલા ગાંધી રાષ્ટ્રપતિના ભાષણ માટે લોકસભા ચેમ્બરમાં પ્રવેશ્યા. ત્યારે યાદવે, જેમણે તેમના વરિષ્ઠ પક્ષના સાથીદાર અને ફૈઝાબાદ-અયોધ્યાના સાંસદ અવધેશ પ્રસાદને આગળની હરોળમાં બેસાડ્યા હતા, તેમણે પાછળની હરોળમાંની એકમાં બેઠક લીધી હતી. તેમને આગળની હરોળમાં ન મળવા પર ગાંધી, એલઓપી બન્યા પછી સશક્ત બન્યા, તેમણે તેમના પક્ષના સાથીદારોને સમાજવાદી પાર્ટીના વડા વિશે પૂછ્યું. આખરે યાદવને ગાંધીની પાછળ બીજી હરોળમાં બેસવા માટે સમજાવવામાં આવ્યા. સ્વાભાવિક છે કે, 'યુપી કે દો લડકે' વચ્ચેનું ગઠબંધન હમણાં જ પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં ટર્નિંગ પોઇન્ટ સાબિત થયું છે. બંને સાથે મળીને યુપીમાં ભાજપના મજબૂત સમર્થન આધારને તોડી પાડવામાં સક્ષમ હતા જ્યાં ભગવા પક્ષ દ્વારા જીતેલી બેઠકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો અને સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ બંનેને ફાયદો થયો હતો.

**સાંસદે પીએમને ચંદનની પેસ્ટથી બનેલી ગણેશની મૂર્તિ ભેટ આપી**

અભિનેતા રાજકારણી સુરેશ ગોપી, જેમણે કેરળના થ્રિસુર લોકસભા મતવિસ્તારમાં તેમની પ્રથમ જીત સાથે કેરળમાં ભાજપનું ખાતું ખોલાવ્યું હતું, તેમને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ તેમજ પર્યટન રાજ્ય મંત્રી તરીકે કેબિનેટ બર્થથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે. ગોપી, જેમનો પરિવાર તિરુવનંતપુરમમાં સ્થાયી થયો છે, તેઓ સાંસદ તરીકે શપથ લેવા અને 18મી લોકસભાના પ્રથમ સત્રમાં હાજરી આપવા માટે રાષ્ટ્રીય રાજધાની આવ્યા હતા, તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે એક ભેટ લાવ્યા હતા, જેમણે ચૂંટણીમાં જીત સુનિશ્ચિત કરવામાં વિશેષ રસ લીધો હતો. સાંસદે પીએમને ચંદનની પેસ્ટથી બનેલી ભગવાન ગણેશની મૂર્તિ અર્પણ કરી હતી.


**ફીનિક્સ એઆરસી પ્રાઈવેટ લિમિટેડ**
Regd. ઓફિસ: ત્રીજો માળ, વોલેસ ટાવર 139-140/B/1, સહર રોડ ક્રોસિંગ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે વિલે પાર્લે (પૂર્વ) મુંબઈ-400057 ટેલિફોન: 022-6849 2450, ફેક્સ: 022-67412313 CIN: U67190MH2007PTC168303
ઈમેલ: info@phoenixarc.co.in, વેબસાઈટ: www.phoenixarc.co.in

**ઇ-ઓક્શન કમ સેલ માટે જાહેર નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર અસ્કયામતો (ઓ)ના વેચાણ માટે 30 દિવસની ઈ-હરાજી વેચાણની નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 અને 9ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.
આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઉધાર લેનારાઓ/જામીનદારો/મોર્ગેજરોને નોટિસ આપવામાં આવે છે કે, મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઇનાન્સ લિમિટેડ (અગાઉ એસ્પાયર હોમ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ - અસાઇનર) તરીકે ઓળખાતી) દ્વારા દેવાની સોંપણીના અનુસંધાનમાં નીચે દર્શાવેલ મિલકત ફોનિક્સ એઆરસી પ્રાઇવેટ લિમિટેડ પાસે ગીરો છે. લેણાંની વસૂલાત અને વધુ વ્યાજ, ચાર્જ અને ખર્ચ વગેરે માટે "ઓનલાઈન-ઓક્શન" દ્વારા "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે" પર વેચવામાં આવશે. SARFAESI અધિનિયમની જોગવાઈઓના સંદર્ભમાં નીચે આપેલ વિગતો મુજબ, સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમો 8 અને 9 સાથે વાંચો) વેબસાઈટ www.phoenixarc.co.in/ મારફતે.

**ઈ-ઓક્શનની તારીખ અને સમય 14-10-2024 સવારે 11:30થી સાંજે 05:00 વાગ્યા સુધી (દરેક 5 મિનિટના અમર્યાદિત એક્સટેન્શન સાથે)**

| અ. નં. | ઉધાર લેનારા(ઓ)/ બાંયધરી આપનારા(ઓ)/ લોન ખાતા નંબર | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત અને EMD સબમિશનની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|
| 1. | LAN: LXKAD00317-180067467 શાખા: કડોદરા ઉધાર લેનાર: કિશનકુમાર જુગલકિશોર ગુપ્તા સહ ઉધાર લેનાર: શિવાની કિશનકુમાર ગુપ્તા બાંહેધર આપનાર: | 17-02-2020 819548 આઠ લાખ ઓગણીસ હજાર પાંચસો અડતાલીસ પૂરા | ફ્લેટ નંબર 202, 2જો માળ, નીલકંઠ રેસીડેન્સી, આર એસ નં. 134, બ્લોક નંબર 148, પ્લોટ નંબર 84A, 85A & 85Ab, કડોદરા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત 384327 | અનામત કિંમત: 308100 (ત્રણ લાખ આઠ હજાર એકસો) ઇએમડી: રૂ. 30810 ત્રીસ હજાર આઠસો દસ પૂરા ઇએમડી જમા કરવાની છેલ્લી તા.: 13.10.2024 |
| 2. | LAN: LXADA00417-180063938 શાખા: અડાજણ ઉધાર લેનાર: બાબુલાલ જાદવભાઇ હડીયા સહ ઉધાર લેનાર: સંગીતા બાબુલાલ હડીયા બાંહેધર આપનાર: | 15-03-2019 1165245 અગિયારલાખ પાંસઠ હજાર બસો પિસ્તાલીસ પૂરા | પ્લોટ નં 268 બ્લોક નં 354/બી આરએસ નં. 318 વૈભવ રેસિડેન્સી, ખૂડસદ ઓલપાડ, સુરત 394110 ગુજરાત. | અનામત કિંમત: 250000 (બે લાખ પચાસ હજાર પૂરા) ઇએમડી: 25000 (પચ્ચીસ હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 3. | LAN: LXSUR00416-170048060 શાખા: સુરત ઉધાર લેનાર: રોશન દાસ દસુ દાસ વૈષ્ણવ સહ ઉધાર લેનાર: પુષ્પા રોશનદાસ વૈષ્ણવ બાંહેધર આપનાર: | 23-12-2020 805496 આઠ લાખ પાંચ હજાર ચારસો છન્નુ પૂરા | 2જી માળ, ફ્લેટ નંબર - 201, રાધે રેસીડેન્સી, આરાધના લેક ટાઉન વિભાગ 2, ગ્રામ પંચાયત જોલવા ગામ, કડોઆરા, સુરત, ગુજરાત 394322 | અનામત કિંમત: 246480 (બે લાખ છેતાલીસ હજાર ચારસો એંશી પૂરા) ઇએમડી: 24648 (ચોવીસ હજાર છસો અડતાલીસ પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 4. | LAN: LXSUR00217-180055460 શાખા: સુરત ઉધાર લેનાર: રવિન્દ્રકુમાર નતુંજી શાહ સહ ઉધાર લેનાર: રાંજુદેવી રવિન્દ્ર શાહ બાંહેધર આપનાર: | 21-01-2022 696714 છ લાખ છન્નુ હજાર સાતસો ચૌદ પૂરા | આરાધ્યા લેક પાર્ટ-2ની રાધે રેસીડેન્સી , 3જો માળ, ફ્લેટ નં.311, 525.96 ચો.ફૂટ, બિલ્ડ અપ એરિયા 289.28, ગામ જોલવા, તા- પલસાણા, સુરત. | અનામત કિંમત: 246480 (બે લાખ છેતાલીસ હજાર ચારસો એંશી પૂરા) ઇએમડી: 24648 (ચોવીસ હજાર છસો અડતાલીસ પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 5. | LAN: LXSUR00217-180051826 શાખા: સુરત ઉધાર લેનાર: સંતોષ નારાયણ ભગત સહ ઉધાર લેનાર: ભારતીબેન સંતોષભાઇ ભગત બાંહેધર આપનાર: | 15-11-2019 723224 સાત લાખ ત્રેવીસ હજાર બસો ચોવીસ | 101, રાધે રેસીડેન્સી, પ્લોટ નં. 760 આરાધના લેક ટાઉન, ગ્રામ પંચાયતની સામે, જોલવા ગામ, પ્લોટ 760 ટાઉન ગ્રામ પંચાયતની સામે, લતીર, સુરત, ગુજરાત - 394305 | અનામત કિંમત: 230000 (બે લાખ ત્રીસ હજાર પૂરા) ઇએમડી: 23000 (ત્રેવીસ હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 6. | LAN: LXSUR00217-180057447 શાખા: સુરત ઉધાર લેનાર: જ્યોતિબાઇ હિલાલ ભમરે સહ ઉધાર લેનાર: મહેશ હિલાલ ભમરે બાંહેધર આપનાર: | 24-05-2019 686684 છ લાખ છયાસી હજાર છસો ચોર્યાસી પૂરા | ફ્લેટ નં. 406, 4થો માળ, રાધે રેસિડેન્સી, પ્લોટ નં.760, આરાધના લેક ટાઉન, ગ્રામ પંચાયતની સામે, જોલવા ગામ, કડોદરા, સુરત, ગુજરાત-394327 | અનામત કિંમત: 246480 (બે લાખ છેતાલીસ હજાર ચારસો એંશી પૂરા) ઇએમડી: 24648 (ચોવીસ હજાર છસો અડતાલીસ પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 7. | LAN: LXSUR00217-180067396 શાખા: સુરત 2 ઉધાર લેનાર: રાજકુમાર વિશેષકુમાર યાદવ સહ ઉધાર લેનાર: પુષ્પાદેવી યાદવ બાંહેધર આપનાર: | 26-03-2019 777386 સાત લાખ સિત્તોતેર હજાર ત્રણસો છયાસી પૂરા | ફ્લેટ નંબર 304, 3જો માળ, ઓલમ્પિયા પેલેસ, રાંદલ માતા મંદિર નજીક, સાયન સુરત 394130 ગુજરાત | અનામત કિંમત: 220000 (બે લાખ વીસ હજાર પૂરા) ઇએમડી: 22000 (બાવીસ હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 8. | LAN: LXSUR00118-190069766 શાખા: સુરત 2 ઉધાર લેનાર: પિયુષ વિઠ્ઠલભાઇ ભેંસાણીયા સહ ઉધાર લેનાર: વિજયાબેન વિઠ્ઠલભાઇ ભેંસાણીયા બાંહેધર આપનાર: | 01-12-2020 672684 છ લાખ બોત્તેર હજાર છસો ચોર્યાસી પૂરા | ફ્લેટ નંબર 406, 4થો માળ, જીવનધારા રેસીડેન્સી-2, (વિશ્વકર્મા ડેવલપર્સ), બ્લોક નં.86, અંકુર ટેનામેન્ટ-2, પૈકી પ્લોટ નંબર 1,2, ગામ સયાન, પેટા જિલ્લા ઓલપાડ, સુરત, ગુજરાત - 391430 | અનામત કિંમત: 2,00,000 (બે લાખ પૂરા) ઇએમડી: 20000 (વીસ હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 9. | LAN: LXSUR00314-150001095 શાખા: સુરત ઉધાર લેનાર: શાંતિલાલ બી. વિસાવડીયા સહ ઉધાર લેનાર: ભાનુબેન શાંતિલાલ વિસાવડીયા બાંહેધર આપનાર: | 23-12-2020 604016 છ લાખ ચાર હજાર સોળ પૂરા | ફ્લેટ નંબર 101, સાંઈ પેલેસ, 1લો માળ, રાંદલ માતાજી મંદિર પાછળ, સર્વે નંબર 27/2, બીઆઈ એન 83, પૈકી પ્લોટ નંબર 1 અને 2, સાયન-સિવાન રોડ, ઓલપાડ, સુરત, ગુજરાત - 394130 | અનામત કિંમત: 2,00,000 (બે લાખ પૂરા) ઇએમડી: 20000 (વીસ હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 10 | LAN: LLXSUR00317-180056044 શાખા: સુરત ઉધાર લેનાર: કંચનભાઇ વિઠ્ઠલભાઇ વાળંદ સહ ઉધાર લેનાર: રેણુકાબેન કંચનભાઇ વાળંદ બાંહેધર આપનાર: | 27-04-2019 633685 છ લાખ તેંત્રીસ હજાર છસો પંચ્યાસી પૂરા | ફ્લેટ નં. 410 4થો માળ ગોલ્ડ નેસ્ટ એપાર્ટમેન્ટ બ્લોક એ નિલમ સોસાયટી, પ્લોટ નં. 60-64 બ્લોક નં.83, આયુષ પેટ્રોલ પંપ સામે, સાયન-સિવાન રોડ, ઓલપાડ સુરત-394130 ગુજરાત | અનામત કિંમત: 2,00,000 (બે લાખ પૂરા) ઇએમડી: 20000 (વીસ હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 11. | LAN: LXADA00417-180067128 શાખા: અડાજણ ઉધાર લેનાર: અંતરયામી મહાજન પ્રધાન સહ ઉધાર લેનાર: સૈદામીની અંતરયામી પ્રધાન બાંહેધર આપનાર: | 10-12-2020 555180 પાંચ લાખ પંચાવન હજાર એકસો એંસી પૂરા | ફ્લેટ નંબર/- 312, 3જો માળ, "રાજદીપ રેસીડેન્સી" તરીકે ઓળખાતી સ્કીમમાં, વલ્લભનગર પૈકી પ્લોટ નંબર/76, 77, 78, 79, 107, 108, 109 અને 110ના બ્લોક નંબર 121 ખાતે આવેલી છે ,મોજે વરેલી,પલસાણા, સુરત, ગુજરાત - 394140 | અનામત કિંમત: 1,50,000 (એક લાખ પચાસ હજાર પૂરા) ઇએમડી: 15000 (પંદર હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 12. | LAN: LXSUR00516-170035410 શાખા: સુરત ઉધાર લેનાર: દિનેશ દ્વારકાદાસ મહેશ્વરી સહ ઉધાર લેનાર: સોમાની દિનેશ મહેશ્વરી બાંહેધર આપનાર: | 19-12-2019 413444 ચાર લાખ તેર હજાર ચારસો ચુમ્માલીસ પૂરા | ફ્લેટ નંબર 215, રાજદીપ રેસીડેન્સી, બ્લોક નંબર 121, વલ્લભા નગર, વરેલી, સુરત, ગુજરાત - 394305 | અનામત કિંમત: 1,50,000 (એક લાખ પચાસ હજાર પૂરા) ઇએમડી: 15000 (પંદર હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 13. | LAN: LXADA00416-170050246 શાખા: અડાજણ ઉધાર લેનાર: રામઅવતાર સૂર્યનારાયણ મહંતો સહ ઉધાર લેનાર: જીતનીદેવી રામઅવતાર મહંતો બાંહેધર આપનાર: | 01-10-2020 903323 નવ લાખ ત્રણ હજાર ત્રણસો ત્રેવીસ પૂરા | ફ્લેટ નંબર જી-2, ગ્રાઉન્ડ ફ્લોર, માધવ પેલેસ, સાઈ દર્શન રેસિડેન્સી, બગુમારા, પલસાણા, સુરત, ગુજરાત 395023 | અનામત કિંમત: 1,50,000 (એક લાખ પચાસ હજાર પૂરા) ઇએમડી: 15000 (પંદર હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 14.. | LAN: LXSUR00215-160010336 શાખા: સુરત ઉધાર લેનાર: મહેશ વિજય શાલી સહ ઉધાર લેનાર: સપના મહેશ શાલી બાંહેધર આપનાર: | 29-09-2018 429952 ચાર લાખ ઓગણત્રીસ હજાર નવસો બાવન પૂરા | પ્લોટ નંબર 208,209,210, બ્લોક નંબર 2,4,5,11-A, 12, 13-A. સોનીપાર્ક હાઉસિંગ સોસી-2, ફ્લેટ નંબર જી-3 શુકન રેસીડેન્સી-1, પલસાણા સુરત, એસ્સાર પેટ્રોલ પમ્પ પાસે, કડોદરા બારડોલી રોડ, તાંતીથૈયા, પલસાણા-394210, સુરત ગુજરાત | અનામત કિંમત: 1,50,000 (એક લાખ પચાસ હજાર પૂરા) ઇએમડી: 15000 (પંદર હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 15. | LAN: LXKAD00216-170046168 શાખા: કડોદરા ઉધાર લેનાર: ફતેસીંઘ પ્રભાતસીંઘ દોડીયા સહ ઉધાર લેનાર: રેખાબેન ફતેસીંઘ દોડીયા બાંહેધર આપનાર: | 04-05-2019 545035 પાંચ લાખ પીસ્તાલીસ હજાર પાંત્રીસ પૂરા | ફ્લેટ નં.415, 4થો માળ, વિનાયક રેસીડેન્સી, સોની પાર્ક સોસાયટી, તાતીથૈયા, પલસાણા સુરત 394305 સુરત ગુજરાત | અનામત કિંમત: 1,30,000 (એક લાખ ત્રીસ હજાર પૂરા) ઇએમડી: 13000 (તેર હજાર પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 16. | LAN: LXMEH00416-170029209 શાખા: મહેસાણા ઉધાર લેનાર: દશરથભાઇ ગોડાદભાઇ ચૌધરી સહ ઉધાર લેનાર: કૈલાશબેન દશરથભાઇ ચૌધરી બાંહેધર આપનાર: | 27-06-2018 777935 સાત લાખ સીત્તોતેર હજાર નવસો પાંત્રીસ પૂરા | મિલકત નં.19, ચૌધરી વસત-દાભાડ, તા.-ખેરાલુ, જિલ્લો-મહેસાણા મહેસાણા મહેસાણા 384330, ગુજરાત, ભારત | અનામત કિંમત: 6,05,000 (છ લાખ પાંચ હજાર પૂરા) ઇએમડી: 60500 (સાંઠ હજાર પાંચસો પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |
| 17. | LAN: LXHIM00217-180058016 શાખા: હિંમતનગર ઉધાર લેનાર: દિનેશભાઇ મનકાભાઇ ચમર સહ ઉધાર લેનાર: નીરૂબેન દિનેશભાઇ ચમર બાંહેધર આપનાર: | 26-08-2019 272019 બે લાખ બોત્તેર હજાર ઓગણીસ પૂરા | મિલકત નંબર/ 205, ગામતળ જમીન, મોજે ભાણવાસ-384340, સતલાસણા, મહેસાણા, ગુજરાત - 384330 | અનામત કિંમત: 1,21,000 (એક લાખ એકવીસ હજાર પૂરા) ઇએમડી: 12100 (બાર હજાર એકસો પૂરા) ઇએમડી જમા કરવાની છેલ્લી તા. 13.10.2024 |

હરાજી બિડ દસ્તાવેજના આગળના નિયમો અને શરતો અનુસાર અને તેમાં નિર્ધારિત પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવે છે. બિડર્સ બિડિંગ માહિતી અને સહાયતા માટે અમારા ઈ-ઓક્શન સેવા પ્રદાતા M/s. ARCA EMART PRIVATE LIMITEDનું વેબ પોર્ટલ: https://www.auctionbazaar.com/ની મુલાકાત લઈ શકે છે. ઈ-ઓક્શન માટે મુકવામાં આવેલી સુરક્ષિત સંપત્તિની વિગતો અને બિડ ફોર્મ જે ઓનલાઈન સબમિટ કરવામાં આવશે. રસ ધરાવતા ખરીદદારો એ જ પોર્ટલ પર હરાજીના નિયમો અને શરતો અને પ્રકિયા જોઈ શકે છે અને દીપક ઠાકુર 9726624158 અને મહાજન સંદિપ લોટનભાઈ 8104802196નો સંપર્ક કરી શકે છે. વિગતો ઉપરોક્ત વેબ પોર્ટલ પર ઉપલબ્ધ છે અને તેઓ તેમના કેન્દ્રિય હેલ્પ ડેસ્કનો સંપર્ક કરી શકે છે: +91 83709 69696, ઈ-મેલ આઈડી: contact@auctionbazaar.com

Sd/-
સ્થળ: ગુજરાત
અધિકૃત અધિકારી,
તારીખ: 12-09-2024
ફીનિક્સ એઆરસી પ્રાઇવેટ લિમિટેડ
અનુવાદમાં વિસંગતતાના કિસ્સામાં, અંગ્રેજી સંસ્કરણ જ માન્ય રહેશે